તારીખ : ૨૩-૩-૨૦૨૦ શુક્રવાર આજકાલ (૫૬)

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં યોજાયો વિવાદ સે વિશ્વાસ યોજના કાર્યક્રમ




**આજકાલ કાર્યાલય–જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ તથા ધી જામનગર ટેક્ષ કન્સલટન્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વિવાદ સે વિશ્વાસ યોજના અંગે જામનગર ચેમ્બર ખાતે એક માર્ગદર્શક સેમીનાર તા. ૪-૩ ના રોજ યોજાયેલ હતો, આ સેમીનારમાં આવકવેરા કચેરીના અધિકારીઓમાં પ્રિન્સીપાલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ ફતેહસિંહ સીરોવા, એડીશનલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ નખીતા ખુરાના તથા જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ પી.એસ. ભલ્લા તથા અન્ય અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા, ચેમ્બર પ્રમુખ બીપેન્દ્રસિંહ સી. જાડેજાએ તેમના સ્વાગત પ્રવચનમાં ચેમ્બર દ્વારા યોજાતા માર્ગદર્શક કાર્યક્રમો અંગે જાણકારી આપેલ અને જણાવેલ કે વિવાદ સે વિશ્વાસ યોજનાની માહિતી માટે આજના કાયક્રમનું આયોજન કરવામાં આવેલ તેમણે તમામ ઉપસ્થીતોનું સ્વાગત કર્યુ હતું, ચેમ્બરના હોદેદારો દ્વારા મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરેલ અને સંસ્થાના પુર્વ પ્રમુખ દ્વારા મહેમાનોને મોમેન્ટો અર્પણ કરેલ, ચેમ્બર વિશેની માહિતી સંસ્થાની ઈન્કમટેકસ અને કોર્પોરેટર લોઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે આપી હતી.

વિવાદ સે વિશ્વાસ યોજના અંગે ઓડીયો વિઝયુલના માદયમથી એડીશનલ કમિશ્નરે સમજ આપી હતી આ યોજના કોને લાગુ પડશે, કેવા સંજોગોમાં લાગુ પડે તેના ફાયદાઓની વિગતવાર માહીતી આપી હતી. મુખ્ય મહેમાન ફતેહસિંહએ તેમના ઉદબોધનમાં આ યોજના માટે માર્ગદર્શક સેમીનારના આયોજન માટે ટુંકા સમયગાળામાં ચેમ્બરે આયોજન કરેલ તેને બિરદાવેલ, ભારત સરકારની આ ખુબજ સારી યોજના છે તેમણે કરવેરા સલાહકારોને જણાવેલ કે તેમના કલાઈન્ટોને આ યોજનાનો લાભ લેવા સલાહ આપે. આયોજના ક્રાઈટેરીયામાં આવતા કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરેલ તેમજ ૧૫મી માર્ચ સુધીમાં એડવાન્સ ટેક્ષ ભરવા અપીલ કરેલ, તેમની પાસે આવતા પ્રશ્નો કે ફરીયાદોનો તેઓ નિકાલ કરવા પ્રયત્નો કરે છે તેમજ ઈન્કમટેક્ષના રીફન્ડ અને અન્ય પ્રશ્નો માટે રૂબરૂ પધારવા જણાવેલ તેમજ પ્રશ્નોના નિરાકરણ માટે ખાત્રી આપી હતી કરદાતાના ફાયદા માટે ઘણા પગલા લેવાય છે તેની માહિતી આપી હતી, સેમીનારનું સંચાલન સંસ્થાના માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસે કર્યુ હતું, તેમજ સેમીનારના અંતે સંસ્થાના માનદ સહમંત્રી કુણાલભાઈ વી. શેઠે આભાર દર્શન કર્યુ હતું.